# શ્રી સથવારા યુવા સંગઠન , ખેરાલુ

ધોરણ- ………… | વિષય- સામાન્ય ક્ષાન | સમય- (50 મીનિટ)

નામ-………………………………………………………………………… | કુલ ગુણ – 50

તારીખ- 17/05/2015

- આ પ્રશ્નપત્રમા કુલ 50 પ્રશ્નો છે.દરેકના સરખા ગુણ છે, બધા પ્રશ્નોના જવાબ આપો. તમારા કુલ ગુણનો આધાર તમે જેટલા સાચા ઉત્તરો આપ્યા હશે  તેની સંખ્યા ઉપર રહેશે.
- આ પ્રશ્નપત્રના બધા પ્રશ્નો હેતુલક્ષી છેદરેક પ્રશ્નના ઉત્તર A,B,C,D, વિકલ્પો આપેલા છે.તેમાથી સાચો વિક્લ્પ શોધી જવાવવહીમા સબન્ધિત પ્રશ્નોનાક્રમ નીચે આપેલ A,B,C,D ના રાઉંડને પુરેપુરુ ભુરી અથવા કાળી બોલપેનથી ડાર્ક કરવુ. આ સિવાયની કોઇપણ કલરની બોલપેનથી જવાબ આપ્યા હશે તે જવાબવહી તપાસવામા આવશે નહિ. અને આપોઆપ શુન્ય ગુણ ગણવામા આવશે. એકવાર ડાર્ક કરેલ જવાબને બદ્લી શકાશે નહી.
- એકજ પ્રશ્ન માટે  જવાબવહીમા એકથી વધુ વિકલ્પ આપે આપેલ હશે તો તે જવાબ માટે ગુણ આપવામા આવશે નહી.
- પરિક્ષાખંડ છોડતા પહેલા જવાબવહી નિરીક્ષકને સોપ્યા જ્યારે પ્રશ્નપત્ર ઉમેદવારો લઇ જઇ શકશે.

1. ગુજરાતમાં વજનકાંટા માટેનું પ્રખ્યાત સ્થળ કયુ છે ?
   (A) સાવરકુંડલા (B) વેરાવળ (C) મોરબી (D) ઇડર
2. ગુજરાતી કવિ ભાલણ ક્યાંના વતની હતા ?
   (A) પોરબંદર (B) સુરત (C) સિદ્ધપુર (D) પાટણ
3. ગંગાસતીની પુત્રવધુનુ નામ શું હતું ?
   (A) પાનબાઇ (B) હીરબાઇ (C) મીરાંબાઇ (D) ગંગાબાઇ
4. ગુજરાતી કવિતામાં ખંડકાવ્યોનો પ્રારંભ કોણે કર્યો ?
   (A) પ્રેમાનંદ (B) નરસિંહ મહેતા (C) દલપતરામ (D) કવિ કાન્ત
5. ગાંધીજી કોને ચરોતરનું મોતી કહેતા ?
   (A) મોહનદાસ અમીન (B) મોતીભાઇ અમીન (C) મોતીભાઇ ગાંધી (D) આમાંથી એકેય નહિ
6. ગુજરાતી હાસ્યસાહિત્યના “હાસ્ય સમ્રાટ” નું બિરુદ કોને મળ્યું છે. ?
   (A) સાંઇરામ દવે (B) જ્યોતીન્દ્ર હ. દવે (C) મ. ન. દેસાઇ (D) બ. ક. ઠાકોર
7. “કહ્યુ કથેતે શાનો કવિ ? શીખી વાતને શાને નવી”  આ કાવ્યપંક્તિ કયા કવિની છે ?
   (A) કવિ શામળ (B) જ્યોતીન્દ્ર હ. દવે (C) કવિ નર્મદ (D) ઝવેરચંદ મેઘાણી
8. ગુજરાતમાં ટેલીવિઝનનો પ્રારંભ ક્યારથી થયો ?
   (A) 15 ઓગસ્ટ 1985 (B) 25 ઓગસ્ટ 1975 (C) 5 ઓગસ્ટ 1895 (D) 15 ઓગસ્ટ 1975
9. ઇફકો ખાતરનું કારખાનું ક્યાં છે ?
   (A) વાપી (B) અંકલેશ્વર (C) જામનગર (D) કલોલ
10. ડાંગ જિલ્લામાં કયુ ગિરીમથક આવેલું છે ?
    (A) માઉંટ આબુ (B) સાપુતારા (C) પાવાગઢ (D) પાલિતાણા

www.brijeshsathvara.blogspot.in

11. લિગ્નાઇટ કયા જીલ્લામાંથી નીકળે છે ?

(A) અંબાજી અને નવસારી (B) ભરુચ અને કચ્છ (C) સુરત અને નવસારી (D) ભરુચ અને નર્મદા

12. વોટ્સન સંગ્રહાલય ક્યાં આવેલું છે ?

(A) ભુજ (B) રાજકોટ (C) વડનગર (D) વડોદરા

13. ગુજરાતમાં કયા ગામની તુવેરની દાળ પ્રખ્યાત છે ?

(A) ભાલ (B) વલસાડ (C) વાસદ (D) ભાવનગર

14. ઉનાવામાં કઇ દરગાહ આવેલી છે ?

(A) હાજીપીરની દરગાહ (B) મીરાદાતરની દરગાહ

(C) જોરાવર પીરની દરગાહ (D) આમાંથી એકેય નહિ

15. કયા ગુજરાતી મહિલા વિશ્વપ્રવાસી તરીકે જાણીતા છે ?

(A) આરતી સહા (B) મીરાંબાઇ (C) બુલા ચૌધરી (D) પ્રીતી સેનગુપ્તા

16. અંબાજી તીર્થ કઇ પર્વતમાળામાં આવેલું છે ?

(A) અરવલ્લી (B) આરાસુર (C) સહાદ્રી (D) બરડો

17. ગુજરાતી ભાષાની પ્રથમ આત્મકથા કોણે લખી ?

(A) નર્મદ (B) ગાંધીજી (C) નરસિંહરાવ દિવેટિયા (D) રમણલાલ નીલકંઠ

18. ગુજરાતમાં કયા પ્રદેશના ઘઉં વિખ્યાત છે ?

(A) ચરોતર પ્રદેશ (B) ભાલ પ્રદેશ (C) સોરઠ પ્રદેશ (D) ચોરવાડ પ્રદેશ

19. ગુજરાતમાં વસ્તિની દ્રષ્ટિએ સૌથી મોટો જીલ્લો કયો છે ?

(A) કચ્છ (B) અમદાવાદ (C) વડોદરા (D) ગાંધીનગર

20. કડાણા બંધ કઇ નદી પર બાંધવામાં આવ્યો છે ?

(A) મહી (B) તાપી (C) ભાદર (D) ગંગા

21. વડોદરા કઇ નદી પર વસેલું છે ?

(A) સાબરમતી (B) વિશ્વામિત્રી (C) યમુના (D) નર્મદા

22. ગુજરાતમાં કુલ કેટલી યુનિવર્સિટીઓ છે ?

(A) દસ (B) અગિયાર (C) બાર (D) નવ

23. ટાઇલ્સ બનાવવાની સૌથી વધુ ફેક્ટરીઓ કયા શહેરમાં છે ?

(A) મોરબી (B) જુનાગઢ (C) થાન (D) અંકલેશ્વર

24. ગુજરાતમાં દર હજાર પુરુષોએ સ્રીઓનું પ્રમાંણ કેટ્લું છે ?

(A) 942 (B) 843 (C) 987 (D) 945

25. ગુજરાતમાં કેટલા ટકા વિસ્તારમાં જંગલો છે ?

(A) 43 (B) 09 (C) 15 (D) 10

www.brijeshsathvara.blogspot.in

26. પારસીઓનું કાશી તરીકે ગુજરાતનું કયું શહેર જાણીતુ છે ?
(A) પાલીતાણા (B) વલસાડ (C) ઉદવાડા (D) ઉજ્જેન
27. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનાં કયા કવિ નિરક્ષર હતા ?
(A) કવિ ભોજા ભગત (B) નરસિંહ મહેતા (C) ઉમાશંકર જોષી (D) દુલા ભાયા કાગ
28. ગુજરાતમાં તમાકુનો પાક સૌથી વધુ કયા જીલ્લામાં થાય છે ?
(A) નર્મદા (B) બનાસકાંઠા (C) ડાંગ (D) ખેડા
29. દાંતીવાડા બંધ કઇ નદી પર બાંધવામાં આવ્યો છે ?
(A) સાબરમતી (B) પાનમ (C) બનાસ (D) સરસ્વતી
30. ગુજરાતી કવિતાના આદિકવિનું બિરુદ કોને મળ્યું છે ?
(A) નરસિંહ મહેતા (B) દલપતરામ (C) પ્રેમાનંદ (D) ધુમકેતુ
31. મીઠું પકવવામાં ભારતના રાજ્યોમાં ગુજરાતનું સ્થાન કેટલામું છે ?
(A) દસમું (B) પાંચમું (C) પહેલું (D) ત્રીજુ
32. તરણેતરનો મેળો કયા જિલ્લામાં ભરાય છે ?
(A) જામનગર (B) સુરેન્દ્રનગર (C) પંચમહાલ (D) સિદ્ધપુર
33. ગુજરાત રાજ્યની સ્થાપના કયા દિવસે થઇ હતી ?
(A) 1 મે 1960 (B) 1 જુન 1960 (C) 1 મે 1947 (D) 1 મે 1950
34. કેનેડાના પ્રધાનમંત્રીએ નરેન્દ્ર મોદી સમક્ષ કઇ મુર્તિકલાને પ્રદર્શિત કરી હતી ?
(A) Parrot Lady (B) નટરાજ (C) શિવતાંડવ (D) આમાંથી એકેય નહિ
35. શંકરાચાર્યે સ્થાપેલા ચાર મઠો પૈકીનો એક ગુજરાતમાં છે , તે ક્યાં આવેલો છે ?
(A) સોમનાથ (B) અંબાજી (C) ઉદવાડા (D) દ્વારકા
36. ગુજરાતી ભાષાના પ્રથમ કાવ્યસંગ્રહનું સંપાદન કોણે કર્યુ ?
(A) કાકા કાલેલકર (B) જ્યોતીન્દ્ર દવે (C) નરસિંહ મહેતા (D) દલપતરામ
37. ડાંગ જીલ્લાનું મુખ્ય મથક કયું છે ?
(A) ગોધરા (B) વઘઇ (C) સાપુતારા (D) આહવા
38. એક સમયે ગુજરાતનો ભાગ ગણાતા ભિન્નમાલમાં જન્મેલા બ્રહ્મગુપ્તે સેની શોધ કરી હતી ?
(A) પાઇ (B) શુન્ય (C) દશાંશ (D) પ્રમેય
39. “કાગવાણી” ના રચયિતા કોણ હતા ?
(A) દુલા ભાયા કાગ (B) અખો (C) કવિ પન્નાલાલ (D) દલપતરામ
40. ગાંધીજીએ આઝાદીની ચળવળ માટે સૌપ્રથમ કયા આશ્રમની સ્થાપના કરી ?
(A) ગાંધી આશ્રમ (B) સાબરમતી આશ્રમ (C) કોચરબ આશ્રમ (D) સાંદિપની આશ્રમ
41. પ્રાચીન સમયમાં “દંડકારણ્ય” તરીકે ઓળખાતો પ્રદેશ અર્વાચીન ગુજરાતમાં કયા નામે ઓળખાય છે
(A) સોરઠ (B) ભાલ (C) ડાંગ (D) ચરોતર

www.brijeshsathvara.blogspot.in

42. હાલમાં જ મિઝોરમના રાજ્યપાલ તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?

(A) કે.એન.ત્રિપાઠી (B) વિજય ગોયલ (C) કે.એન.મુનશી (D) કિરણ બેદી

43. ડભોઇમાં કઇ વાવ આવેલી છે ?

(A) અડાલજની વાવ (B) દાદા હરીની વાવ (C) હીરાભાગોળની વાવ (D) અડી કડીની વાવ

44. હાલમાં IPL-8 2015 નો ઉદ્‌ગાટન સમારોહ કયા શહેરમાં યોજવામાં આવ્યો હતો ?

(A) ઢાંકા (B) મુંબઇ (C) દિલ્લી (D) કલકત્તા

45. 1 ઘનસેમી બરાબર કેટલા મિલીલીટર થાય ?

(A) 100 લીટર (B) 1000 મિલીલીટર (C) 10 મિલીલીટર (D) 1 મિલી લીટર

46. તાતા કેમિકલ્સનું કારખાનું કયા આવેલુ છે ?

(A) કલોલ (B) હજીરા (C) મીઠાપુર (D) જામનગર

47. ગુજરાતનું સૌ પ્રથમ નેચર એજ્યુકેશન સેંન્ટર ક્યાં છે ?

(A) ગાંધીનગર (B) અમદાવાદ (C) ભાવનગર (D) હિંગોળગઢ

48. ગુજરાતનું એકમાત્ર મુક્ત બંદર કયુ છે ?

(A) પોરબંદર (B) વેરાવળ (C) ઓખા (D) કંડલા

49. વર્ષ 2015 નો એશિયાઇ જુનિયર તેનીસનો ખિતાબ કોણે જીત્યો છે ?

(A) અનિતા સિંહ (B) વાઇ પ્રન્જલા (C) સાયના નેહવાલ (D) આર સુપ્રિયા

50. કાકાસાહેબ કાલેલકરની માત્રુભાષા કઇ હતી ?

(A) ઉર્દુ (B) મરાઠી (C) બંગાળી (D) ગુજરાતી

***<u>BEST OF LUCK</u>***

www.brijeshsathvara.blogspot.in